# દેશમાં માથાદીઠ ગાંધીનગરમાં સૌથી વધુ પાણીનો વપરાશ

**શહેરમાં રોજ માથાદીઠ ૧૫૦ ના બદલે ૨૪૦ લીટર પાણીનો સપ્લાય : અંદાજિત રોજના ૭ કરોડ લીટર પાણીના વપરાશ સામે ૫૦ લાખ લીટરનો બગાડ થતો હોવાનો અંદાજ**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં પાણીનો વપરાશ હજુ મીટર પધ્ધતિથી થતો નથી. જો કે પાણીના મામલે ગાંધીનગરાઓ નસીબદાર છે. શહેરમાં નર્મદાનુ પાણી સપ્લાય કરવામાં આવે છે. જયારે શહેરીજનોની પાણીની જરૂરિયાતને ધ્યાને લઇ વર્ષ દરમિયાન પ્રતિદિન ૬૫ થી ૭૫ એમ એલ ડી પાણી સપ્લાય કરવામાં આવે છે. શહેરીજનો એક અંદાજ મુજબ પ્રતિદિન ૭ કરોડ લીટર પાણીનો વપરાશ કરે છે. શહેરમાં પ્રતિદિન માથાદીઠ ૨૪૦ લીટર પાણી પુરવઠો સપ્લાય કરવામાં આવે છે. આમછતા સેકટરોમાં સમયાંતરે પાણીની પોકાર ઉઠતી રહે છે. સમગ્ર ભારતમાં ગાંધીનગરમાં માથાદીઠ સૌથી વધુ પાણી સપ્લાય કરવામાં આવે છે. અલબત્ત અન્ય શહેરોમાં માથાદીઠ ૧૫૦ લીટર પાણી જ સપ્લાય થાય છે. જે મુજબ ગાંધીનગર પાણીના વપરાશમાં મોખરે છે.

ગાંધીનગરના અસ્તિત્વકાળથી શહેરમાં પાણી પુરવઠો સપ્લાય કરવામાં સરકારે ઉદારતા દાખવી છે. જયારે વર્ષો અગાઉ શહેરમાં સવાર અને સાંજ એમ બે તબક્કામાં પાણી વિતરણ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. જયારે સમય જતા વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની સાથે શહેરના નવ વિકસિત વિસ્તારને ધ્યાને લઇ સે-૫ માં નવી ટાંકીનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ હતુ. જો કે સેકટરોની વસતી અને વિકાસના નવા આયામોને ધ્યાને લેવાય તો શહેરમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાની તાતી અનિવાર્યતા છે. શહેરમાં પાણીની જરૂરિયાતને સંતોષવા માટે પુરતો સપ્લાય આપવામાં આવતો હોવાનુ તંત્ર જણાંવે છે. વર્ષ દરમિયાન પ્રતિદિન ૬૫ થી ૭૫ એમ એલ ડી પાણીનો સપ્લાય કરવામાં આવે છે. ઠંડીના દિવસોની સાપેક્ષમાં ઉનાળા દરમિયાન પાણીનો વપરાશ વધતા ૧૦ એમ એલ ડી જેટલો સપ્લાય ગરમીમાં વધારી દેવાય છે. આ ઉપરાંત શહેર તેમજ શહેરી વિસ્તારોના ગામોને અનુલક્ષી બોરનુ પણ નિર્માણ કરાયુ છે. શહેરમાં નર્મદાના પાણીના સપ્લાય ઉપરાંત બોરમાંથી પણ

● અનુસંધાન પાન-૭ પર

# મોસમનો મિજાજ બદલાયો : ઠંડી અદ્રશ્ય : ગરમીનો પારો ૩૧ ડિગ્રીએ

**વળતા શિયાળે ઠંડીનુ જોર હળવુ થવાની સાથે ગરમીનો પારો પણ એકાએક ઉંચો આવ્યો**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં હવે ઠંડી અદ્રશ્ય થઇ ગઇ છે. છેલ્લા બે દિવસથી વાતાવરણમાં રીતસર ઉનાળા જેવી ગરમીનો અહેસાસ થઇ રહયો છે. જયારે લઘુત્તમ તાપમાન પણ આજે ૧૪.૫ ડી ગ્રી એ પહોંચી જતા ઠંડી અદ્રશ્ય થઇ ગઇ હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. બીજીતરફ મહત્તમ તાપમાન પણ ૩૧ ડી ગ્રીએ હોવાથી દિવસનો તાપ આકરો બન્યો હતો. દિવસે નગરજનોએ પરસેવે ભીંજાવતી ગરમી અનુભવી હતી. જો કે મોડીરાત્રે અને વહેલી સવારે હજુ ગુલાબી ઠંડીનો અહેસાસ નગરજનો કરી રહયા છે.

ગાંધીનગરમાં ગત સપ્તાહ દરમિયાન નગરજનોએ સિઝનની મહત્તમ ઠંડીનો અનુભવ કર્યો હતો. ઠંડીનો પારો ૮ ડી ગ્રીનો રેકર્ડ તોડી ૭ ડી ગ્રી સુધી પહોંચી જતા સિઝનની મહત્તમ ઠંડીમાં નગરજનો ઠુંઠવાયા હતા. જયારે સતત ઠંડીનો મિજાજ જળવાયેલો રહેતા દિવસ દરમિયાન પણ નગરજનો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળતા હતા. પરંતુ છેલ્લા ત્રણ ચાર દિવસથી ઠંડીની મોસમનો મિજાજ બદલાયો છે. અલબત્ત દિવસના વધતા મહત્તમ તાપમાનની સાથે ઠંડીનુ જોર પણ તદન ઘટી ગયુ છે. દિવસ દરમિયાન ઉનાળા જેવી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહયા છે. જયારે મોડી રાત અને વહેલી સવારે ગુલાબી ઠંડી અનુભવતા નગરજનો દિવસે ગરમીથી પરેશાન થઇ રહયા હોવાની બુમ પાડી રહયા છે. ઓફિસ અને ઘરોમાં પંખા અને એ સી ધમધમતા થઇ ગયા છે.

આજે પણ મહત્તમ તાપમાન ૩૧ ડી ગ્રી રહયુ હતુ. જયારે ઠંડીનો પારો ૨ ડી ગ્રીના તફાવત સાથે ૧૪.૫ ડી ગ્રી પહોંચી જતા ઠંડી સાવ અદ્રશ્ય થઇ ગઇ હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. વળતા શિયાળે એકબાજુ ઠંડીનુ જોર સાવ હળવુ થઇ ગયુ છે ત્યારે બીજીતરફ મહત્તમ તાપમાન વધતા ઉનાળાની આકરી ગરમીની શરૂઆત થઇ ગઇ હોવાનુ નગરજનો અનુભવી રહયા છે. વાતાવરણમાં બદલાવના લીધે અચાનક જ ગરમી અનુભવતા નાગરિકો મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત છે.



બાળ રમતોત્સવ - બોચાસણવાસી અક્ષર પુરસોત્તમ સંસ્થા સંચાલિત બાળ મંડળો વચ્ચે રમતોત્સવ યોજાયો હતો. વિવિધ મંડળો વચ્ચે યોજાયેલ પરંપરાગત રમતોની તંદુરસ્ત સ્પર્ધામાં બાળકોમાં જોમ અને જુસ્સો વર્તાતા હતા.

# આજે તાલુકા પંચાયતની ચૂંટણીનું જાહેરનામુ

**આજથી ઉમેદવારી નોંધાવવાનો આરંભ થશે : ઉમેદવારી પત્ર ભરવા માટે માત્ર પાંચ જ દિવસ : ૮મીએ ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ રહેશે**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટેનુ આજે જાહેરનામુ પ્રસિદ્ધ થતાં જ ઉમેદવારી પત્ર ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

૩૬ બેઠકોનું સંખ્યાબળ ધરાવતી જિલ્લાન સૌથી મોટી તાલુકા પંચાયત માટે બે ચૂંટણી અધિકારી અને બે નાયબ ચૂંટણી અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે.

૨.૬૦ લાખ જેટલા મતદારો ધરાવતી આ ચૂંટણી ઈ.વી.એમ.થી યોજવામાં આવશે. આ માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરી દેવામાં આવી છે. ૩૦૧ મતદાન મથકો પર આ ચૂંટણી માટે મતદાન ૨૧મી ફેબ્રુઆરીએ યોજાશે.

શનિવારથી ચાલુ થઈ રહેલ ઉમેદવારી પત્ર ભરવા માટે આ વખતે માત્ર પાંચ જ દિવસનો સમયગાળો નિયત કરવામાં આવ્યો છે. રવિવારે રજાનો દિવસ વચ્ચે આવે છે. ભરચક લગ્ન મોસમ વચ્ચે આ રાજકીય જંગનું બ્યુગલ ફુંકાયુ છે.

૮મી ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ છે જ્યારે ૯મીએ ઉમેદવારીપત્રોની ચકાસણી હાથ ધરવામાં આવશે. ૧૦મીએ ઉમેદવારી પત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ છે.

મામલતદાર ગાંધીનગર અને તાલુકા વિકાસ અધિકારી ગાંધીનગરને ૧૮-૧૮ બેઠકોના ચૂંટણી અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવેલા છે. જિલ્લામાં ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી, માણસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી અને હવે તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને લઈ આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ચુક્યો છે. જો કે હજુ સુધી આચારસંહિતા ભંગની ફરિયાદ તંત્રને મળી નહી હોવાનું જાણવા મળેલ છે.

## ભાજપના ઉમેદવારો ત્રણ તબક્કામાં ઉમેદવારી નોંધાવશે

**પાંચથી છ બેઠકો માટે જો અને તો ની ખેંચતાણ ચાલી રહી હોવાના મળતા સંકેતો**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે ભાજપના ઉમેદવારો તબક્કાવાર ઉમેદવારી નોંધાવશે. ઉમેદવારોની યાદી પણ જાહેર નહિ કરાય અને મેન્ડેટ સીધો ઉમેદવારના બદલે ચૂંટણી અધિકારીને અપાશે.

જિલ્લા ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે તાલુકા પંચાયતની ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા સંપન્ન થઈ ચુકી છે. પાંચથી છ બેઠકો પર ઉમેદવારોની પસંદગી અંગે જો અને તો ની નીતિ પર અવલંબિત હોવાનું જાણવા મળેલ છે.

ભાજપના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે સોમવાર, મંગળવાર સુધીમાં લગભગ ઉમેદવારો દ્વારા ઉમેદવારી કરી દેવામાં આવશે જ્યારે બાકી રહેતા ઉમેદવારોની ઉમેદવારી ગુરૂવારે કરવામાં આવશે. ઉમેદવારોની પસંદગી સર્વસંમતિથી કરવામાં આવી છે. આ માટે ત્રણ તબક્કામાં કાર્યકરોને વિશ્વાસમાં લેવાયા છે અને પક્ષ તાલુકા પંચાયતમાં પુનઃ સત્તા સંભાળશે એવો વિશ્વાસ જિલ્લા એકમ ધરાવે છે.

વિસ્તારકો, નિરીક્ષકોએ પણ ઉમેદવારોને સાંભળ્યા છે. દરેક બુથ માટે માઈક્રો પ્લાનીંગ પણ કરવામાં આવ્યુ છે. આ સૂત્રોએ જણાવ્યુ છે કે ભાજપે સૌને સાથ સૌનો વિકાસ તાલુકા પંચાયતમાં સાર્થક કરી બતાવ્યુ છે.

## કોંગ્રેસ ૭મીએ યાદી જાહેર કરશે

ગાંધીનગર તાલુકા પંચાયતની ચૂંટણી માટે કોંગ્રેસ પક્ષ દ્વારા તેના સત્તાવાર ઉમેદવારોની ઘોષણા ૭મીએ થશે અને ઉમેદવારી પત્ર ભરવાના અંતિમ દિવસે બધા ઉમેદવારો એક સાથે ઉમેદવારી નોંધાવશે.ગાંધીનગર તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીઓ જાહેર થતાં જ રાજકીય પક્ષો આ જંગને લઈ હરકતમાં આવ્યા છે. આજે પણ કાર્યકરો રજુઆતો કરવા જિલ્લા આગેવાનો સુધી દોડતા દેખાયા હતા. કોંગ્રેસ પક્ષ ૪થીના રોજ ઉમેદવારોની રજુઆત સાંભળશે. ૫મીએ ઉમેદવારોની પેનલ તૈયાર કરશે અને ૬ઠ્ઠીના રોજ પ્રદેશ સમિતિની મંજૂરી માટે મોકલી ૭મીએ ઉમેદવારોની યાદી જોહેર કરાશે તેમ જિલ્લા સમિતિની યાદીમાં જણાવાયુ છે. ગાંધીનગર તાલુકા પંચાયતની આગામી તા-૨૧ ફેબ્રુઆરીએ યોજાનાર સામાન્ય ચૂંટણીની રણનીતિ નક્કી કરી સ્થાનિક કક્ષાએ ઉમેદવારોની પસંદગી કરવા નિમાયેલા નિરીક્ષકોની બેઠક આજરોજ જિ.કો.પ્રમુખ સૂર્યસિંહ ડાભીના અધ્યક્ષ પદે તેમજ જિલ્લાના આગેવાનો સર્વ જશુભા રાણા, જુગાજી ઠાકોર, ગોવિંદજી સોલંકી, બાબુજી ઠાકોર વિગેરેની ઉપસ્થિતિમાં જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે મળી હતી. જેમાં નિરીક્ષકોએ કરેલ કામગીરીનો અહેવાલ રજુ કર્યો હતો.

આગામી તા. ૪ થીએ જિલ્લા કોંગ્રેસ કાર્યાલય ખાતે સવારે ૧૦ કલાકે કુલ ૩૬ બેઠકો પૈકી પ્રથમ ૨૦ બેઠકોના ઉમેદવારોની રજૂઆત સાંભળવવામાં આવશે. જેમાં પ્રદેશ નિરીક્ષકો, જિલ્લાની ચૂંટણી સમિતિના સદસ્યો અને તાલુકા સંગઠનના પ્રમુખ,ધારાસભ્યો સહિતના આગેવાનો ઉપસ્થિત રહીને રજૂઆત સાંભળશે.




તોડફોડ - શહેરના મધ્યમાં સેક્ટર-૧૧ સ્થિત સિનેમેક્સ થિયેટરમાં શુક્રવારે મોડીસાંજે અજાણ્યા ત્રણ શખ્સોએ તોડફોડ કરી હતી... સિનેમેક્સના પ્રવેશદ્વાર અને બોક્સ ઓફીસના કાચની તોડફોડ કરી હતી... જોકે કયા કારણોસર તોડફોડ કરાઈ તે જાણી શકાયું નથી... સીસીટીવી ફુટેજમાં ત્રણ અજાણ્યા શખ્સો ચહેરા પર રુમાલ બાંધીને આવ્યા હોવાનું જણાય છે... પોલીસે કાયદેસરની નોંધ કરી કાર્યવાહી આરંભી છે...

# મનરેગાના અમલીકરણમાં સુયોગ્ય સંકલન રાખી રોજગાર નિર્માણ કરીએ : ડીડીઓ

ગાંધીનગર, તા. ૨

મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર અધિનિયમના (મનરેગા) અસરકારક અમલીકરણ માટે લાઈન ડિપાર્ટમેન્ટ સાથે સુયોગ્ય સંકલન રાખી રોજગારીની તકોના નિર્માણ પર ધ્યાન કેન્દ્રીત કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓને તાકીદ કરી છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની સંચાલકમંડળની તાજેતરમાં મળેલ એક મહત્વની બેઠકમાં તેમણે આ ટકોર કરતાં જણાવ્યું હતુ કે વનીકરણની કામગીરી હોય કે તળાવ ઊંડા કરવાની કામગીરીમાં જે સંકલન સાધી આગળ વધવુ જોઈએ તે ઘણુ નિરાશાજનક રહ્યુ છે.

આ બેઠકમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા અને દહેગામના બલરાજસિંહ ચૌહાણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ગ્રામ વિકાસ એજન્સીની વિવિધ યોજનાઓ અને તેના અમલીકરણ અંગેની જાણકારી મેળવી હતી.

આ બેઠકમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના કામો સમય-મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા માટે જણાવવામાં આવ્યુ હતુ. આ યોજના અંતર્ગત ધાબાવાળા આવાસોનુ નિર્માણ થાય તેમજ શૌચાલયની સુવિધા પણ ઉપલબ્ધ થાય તે માટે મોનીટરીંગના અધિકારીઓને વિશેષ કાળજી લેવા માટે પણ ટપારવામાં આવ્યા હતા.

જિલ્લા વિકાસ અધિકારીએ શૌચાલયના નિર્માણ બાબતે તેમજ ઈન્દિરા આવાસ યોજનાના સ્પીલ ઓવર થઈ રહેલા કામો ઝડપથી પૂર્ણ થાય તે જોવા જણાવ્યુ હતુ.

સ્વચ્છતા મિશન અંતર્ગત તેમજ વૉટરશેડ યોજના અંતર્ગત સંરક્ષણ દિવાલોની સાથે સાથે જળસંચયના કામો પર પણ તેમણે વિશેષ લક્ષ્ય આપવા આગ્રહ કર્યો હતો.

આ બેઠકમાં ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી બ્રહ્મભટ્ટ, ચારેય તાલુકાના વિકાસ અધિકારીઓ અને ગ્રામ વિકાસ એજન્સીના અધિકારીઓ હાજર રહ્યા હતા.

# ઉચ્ચ અભ્યાસ માટે ૫ લાખની મદદ

**મુખ્યમંત્રી રૂપાણીનો યુવાલક્ષી નિર્ણય : હવે અનાથ-વિધવા માતાના સંતાન, દિવ્યાંગ અને લશ્કર-પોલીસના શહીદ જવાનોના સંતાનોને સહાયતા આપશે**

ગાંધીનગર, તા. ૨

મુખ્યમંત્રી વિય રૂપાણી રાજયના જરૂરતમંદ હોનહાર વિદ્યાર્થીઓ-યુવાઓને આર્થિક સ્થિતિ નાણાંના અભાવે ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહેવું પડે તે માટે એક મહતવપૂર્ણ જાહેરાત કરી છે. આ સંદર્ભમાં મુખઅયમંત્રીએ જણઆવ્યું છે કે, જરૂરતમંદ અનાથ બાળકો, યુવાઓ વિધવા માતાના સંતાનો દિવ્યાગો તેમજ સેના-પોલીસના શહીદ જવાનોના સંતાનોને ઉચ્ચ શિક્ષણ માટે વધુમાં વધુ રૂપિયા પાંચ લાખની સહાય રાજ્ય સરકાર આપશે. આવી ૨૫૦૦ જેટલા વિદ્યાર્થીઓને તેનો પ્રતિ વર્ષ લાભ મળશે તેમ તેમણે જાહેર કર્યુ હતું. મુખ્યમંત્રીએ અમદાવાદ યુનિવર્સિટી કન્વેન્શન સેન્ટર ખાતે રાજયના શિક્ષણ વિભાગ આયોજિત ગ્રાન્ડ એજ્યુકેશન ફેરનો પ્રારં કરાવ્યો હતો. આ ત્રિદિવસીય ફેરમાં ૮૪ હજાર ઉપરાંત યુવા વિદ્યાર્થીઓ કારકીર્દી ઘડતર વિષયક માર્ગદર્શન મેળવશે. વિજય રૂપાણીએ આ એજ્યુકેશન ફેરને ડેમોગ્રાફીક ડીવીડન્ડ સમી યુવાશક્તિ માટે શિક્ષણ-કારકીર્દી ઘડતરનું સમુદ્ર મહામંથન અવસર ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, કારકીર્દી નિર્માણનો મહત્વનો સ્તંભ શિક્ષણ છે અને ૧૦માં ૧૨માં ધોરણથી જ આજનો યુવાન કારકિર્દી વિશે ગંભીરતાથી વિચારતો થઇ ગયો છે. વાલીઓની પણ જે સમયાનુકુલ ચિંતા પોતાના સંતાનના ભવિષ્યની

● અનુસંધાન પાન-૭ પર

## મતદારયાદી સુધારણા-૨૦૧૮

**તા. ૧-૧-૨૦૧૮ની લાયકાતની તારીખે મતદારયાદીની સુધારણાના કાર્યક્રમ અન્વયે અગાઉ તા. ૪-૨-૨૦૧૮, રવિવારના રોજ ખાસ ઝુંબેશનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો તેને બદલે તા. ૧૧/૨/૨૦૧૮ના રોજ રાખવામાં આવેલ છે જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.**

તા. ૧૧/૨/૨૦૧૮, રવિવારના રોજ સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક દરમિયાન તમામ વિસ્તારના મતદાન મથકોએ મતદારયાદીમાં નામ નોંધાવવા, કમી કરવા કે વિગતો સુધારવા માટેના ફોર્મ આપ મેળવી શકશો અને ભરેલ ફોર્મ તે જ સ્થળે પરત કરી શકશો.

માહિતી/૨૬૧૯/૧૭-૧૮ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય


પાંચમી પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા
સ્વર્ગવાસ તા. ૩-૨-૨૦૧૩

આપનું જીવન, પરિવાર, સગા-સંબંધી અને સમાજ માટે સમર્પિત રહ્યું. આપ વિના અમો ઉણપ અનુભવીએ છીએ. આપના આદર્શો, મહેનત, સંઘર્ષ, મનોબળ, સફળતા, સમભાવ અને પ્રેમાળ સ્વભાવ અમારા જીવનનો સુપથ નક્કી કરશે જ.

અમે ગમગીન હૃદયે અને અવિરત અશ્રુભીની આંખે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, આપને સદ્‌ગતિ અર્પે.

કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (લેકાવાડા)
અમરીષસિંહજી કે. વાઘેલા ધવલસિંહજી કે. વાઘેલા
પ્રવિણસિંહજી બી. વાઘેલા પૃથ્વીરાજસિંહજી કે. વાઘેલા
પ્લોટ નં. ૭૯૪/એ-૨, પંચશીલ પાર્ક, સેક્ટર-૨૧, ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com